### બ્રહ્માનગરમાં ભેળસેળવાળા તેલના ઉપયોગના આક્ષેપ, સ્થાનિકોએ તંત્ર પાસે કડક કાર્યવાહીની માંગ કરી

# પૂર્વ વિસ્તારમાં પાણીપુરીની હાટડીઓમાં ભારે ગંદકી

**કાળા ધુમાડાના** ત્રાસ અને પોલીસમાં રજૂઆત છતાં વડોદરા મનપાની આરોગ્ય શાખા મૌન

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા બ્રહ્માનગર વિસ્તારમાં જાહેરમાં પાણીપુરી વેચતા કેટલાક ફેરીઓ અને વિક્રેતાઓ દ્વારા ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા હોવાના ગંભીર આક્ષેપો સ્થાનિક રહીશો દ્વારા કરવામાં આવ્યા છે. વહેલી સવારથી લઈને મોડી સાંજ સુધી ચાલતા આ ખાદ્યપદાર્થોના વેચાણમાં કથિત રીતે નબળી ગુણવત્તાવાળા અને ભેળસેળયુક્ત તેલનો ઉપયોગ થઈ રહ્યો હોવાની ફરિયાદો ઉઠી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, પાણીપુરીની પુરી તળવા માટે હલકી ગુણવત્તાના અને ભેળસેળવાળા તેલનો બેરોકટોક ઉપયોગ થાય છે. આ ઉપરાંત, બટાકા અને ચણા પણ નિમ્ન કક્ષાના વાપરવામાં આવતા હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પાણીપુરી તળતી વખતે મોટા પ્રમાણમાં કાળા અને હાનિકારક ધુમાડા નીકળે છે, જેના કારણે આસપાસના રહેણાંક મકાનો અને સોસાયટીઓમાં પ્રદૂષણ ફેલાઈ રહ્યું છે તેમજ રહીશોનું શ્વાસ લેવું પણ મુશ્કેલ બન્યું છે. સ્થાનિક રહીશો દ્વારા આ બાબતે અગાઉ પોલીસ સ્ટેશનમાં પણ રજૂઆતો કરવામાં આવી છે, પરંતુ વડોદરા મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા હજુ સુધી કોઈ જ નક્કર તપાસ કે કાર્યવાહી કરવામાં આવી નથી. જાહેરમાં ધમધમતા આ ખાદ્ય



પદાર્થોના વેચાણકારો સામે જો સમયસર કડક પગલાં નહીં ભરાય, તો વિસ્તારના નાગરિકોના સ્વાસ્થ્ય પર ગંભીર જોખમ ઊભું થઈ શકે છે. સ્થાનિક રહીશોમાં તંત્રની લાપરવાહી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. સક્ષમ અધિકારીઓ અને આરોગ્ય વિભાગને અપીલ કરી છે કે તાત્કાલિક ધોરણે બ્રહ્માનગર તેમજ આસપાસના વિસ્તારોમાં ધમધમતી પાણીપુરીની લારીઓ અને દુકાનોની અચાનક ચકાસણી કરવામાં આવે.

### મૃતક ગુલામ મુસ્તફાએ ઘટનાની રાત્રે બે યુવકોને મેસેજ કર્યા હતા

# સમલૈંગિક યુવકના શંકાસ્પદ મોત મામલે પોલીસે વધુ એક ગે યુવકની પૂછપરછ કરી

**ભુવન રાવળને** પોલીસ સ્ટેશન બોલાવી એસએસજીમાં મેડિકલ કરાવાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ વડોદરાના દાંડિયાબજાર વિસ્તારમાં આવેલી વિન્ટેજ હોટલમાં 29 વર્ષીય યુવકના શંકાસ્પદ મોતના મામલે રાવપુરા પોલીસે તપાસ વધુ તેજ કરી છે. મૃતક દ્વારા ઘટનાની રાત્રે બે યુવકોને મેસેજ કરવામાં આવ્યા હોવાનું સામે આવતા પોલીસે ફતેપુરાના ભુવન સંતોષ રાવળની પૂછપરછ હાથ ધરી છે. બીજી તરફ તેને એસએસજી હોસ્પિટલમાં મેડિકલ માટે પણ લઈ જવાયો હતો. પાણીગેટ વિસ્તારમાં રહેતા 29 વર્ષીય ગુલામ મુસ્તફા નૈયરનું દાંડિયાબજારની વિન્ટેજ હોટલમાં શંકાસ્પદ રીતે મોત થયું હતું. ઘટનાની રાત્રે ગુલામ મુસ્તફાએ કિશન વસાવા તેમજ ફતેપુરામાં રહેતા ભુવન સંતોષ રાવળને મેસેજ કર્યો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

મેસેજ મળ્યા બાદ ભુવન રાવળ હોટલ ખાતે આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. ગુલામ મુસ્તફાના મોત બાદ પોલીસે ઘટનાક્રમ અંગે તપાસ શરૂ કરી હતી. દરમિયાન ગુરુવારે ભુવન રાવળને પોલીસ સ્ટેશન ખાતે પૂછપરછ માટે બોલાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પૂછપરછ બાદ તેને એસએસજી હોસ્પિટલ ખાતે લઈ જઈ મેડિકલ તપાસ પણ કરાવવામાં આવી હોવાનું પોલીસ સૂત્રોમાંથી જાણવા મળી રહ્યું છે. પોલીસ દ્વારા મૃતકના મોબાઈલ ફોનમાં થયેલી વાતચીત, મેસેજ અને ઘટનાની રાત્રે હોટલ ખાતે કોણ-કોણ આવ્યું હતું તે સહિતના મુદ્દાઓની તપાસ કરવામાં આવી રહી છે. હોટલમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ તેમજ અન્ય પુરાવાઓ પણ તપાસના ભાગરૂપે મેળવવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળે છે.

મૃતકના મોતનું ચોક્કસ કારણ જાણવા માટે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ જ મોત અકસ્માતજન્ય હતું કે અન્ય કોઈ કારણસર થયું તે અંગે વધુ સ્પષ્ટતા થશે. હાલ રાવપુરા પોલીસે સમગ્ર મામલે ભુવન રાવળ સહિત સંબંધિત વ્યક્તિઓની પૂછપરછ કરીને તપાસ આગળ ધપાવી છે.

### ૭૨ દિવ્યાંગ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરાઈ

# દિવ્યાંગ ઉમેદવારો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી,વડોદરા, આઈટીઆઈ ફોર ડીસેબલ,તરસાલી તથા નેશનલ કરીઅર સેન્ટર ફોર ડીફરન્ટલી એબલ ફોર વુમન (NCSDA ) વડોદરાના સંયુક્ત ઉપક્રમે આઈટીઆઈ ફોર ડીસેબલ, આઈટીઆઈ કેમ્પસ,તરસાલી ખાતે દિવ્યાંગ ભાઈ-બહેનો માટે રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો તથા સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઈ હતી. જેમા ઓર્થો લોકોમોટર ડીસેબીલીટી, હીયરીંગ ઈમપેરડ(શ્રવણ ક્ષતી),મુખ બધિર, ડ્વારફીઝમ(વામનતા) જેવી દિવ્યાંગતા (ડીસેબીલીટી) ધરાવતા સ્વતંત્ર હલનચલન, આવ-જા કરી શકે તેમજ બન્ને હાથથી કામ કરી શકે તેવા ૧૮ થી ૩૫ વર્ષના ૧૧૫ જેટલા દિવ્યાંગ ભાઈઓ અને બહેન ઉમેદવારોએ ભાગ લીધો હતો. ભરતી મેળામાં નોકરીદાતા દ્વારા ધો.૮ પાસ, ૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી. આઈ, ડીપ્લોમાં, ગ્રેજયુએટની લાયકાતની



૧૦૭ જગ્યા માટે ઈન્ટરવ્યુ લેવા વડોદરા જિલ્લાની ૭ કંપનીના પ્રતિનિધી હાજર રહ્યા હતા. જેમાંથી લાયકાત અને કામ કરવાની ક્ષમતાને આધારે ૭૨ દિવ્યાંગ ઉમેદવારોની પ્રાથમીક પસંદગી કરીને રોજગારી અને એપ્રેન્ટીસની તકો આપવામા આવી હતી. ભરતી મેળામાં ઉમેદવારોને પ્રોત્સાહિત કરવા વડોદરા મહાનગર પાલિકાના મેયરશ્રી ગીતાબેન મકવાણા, મદદનીશ રોજગાર નિયામકશ્રી અલ્પેશ ચૌહાણ, તથા ડીસેબલ આઈટીઆઈના પ્રિન્સીપાલશ્રી ચિંતન શાહ તેમજ NCSDA, સમાજ સુરક્ષા કચેરીના અધિકારી કર્મચારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## સસ્તા અનાજની દુકાનેથી અનાજ મેળવતા રેશનકાર્ડધારકો જોગ

વડોદરા : સરકાર માન્ય સસ્તા અનાજની દુકાનેથી અનાજ મેળવતા રેશનકાર્ડધારકોને મામલતદાર કચેરી, વડોદરા શહેર(પૂર્વ), ઝોનલ કચેરી નં.૧,૨ તથા ૪ મા સમાવિષ્ટ વ્યાજબી ભાવની દુકાનમા સમાવિષ્ટ એનએફએસએ હેઠળ અનાજ મેળવતા રેશનકાર્ડધારકોને સીબીડીસી-સેન્ટ્સ બેંક ડીઝીટલ કરન્સી હેઠળ અનાજ વિતરણ કરવા માટે સરકારશ્રી તરફથી સૂચના આપવામાં આવી છે. જે રેશનકાર્ડધારકોના આધારકાર્ડ અને રેશનકાર્ડમાં એક જ મોબાઈલ નંબર લીન્ક થયેલ હોઈ તેવા રેશનકાર્ડધારકોને સરકારશ્રી દ્વારા વ્હાઈટ લીસ્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જે રેશનકાર્ડધારકોનો વ્હાઈટ લીસ્ટમાં સમાવેશ થયો છે તેવા લાભાર્થીઓની યાદી જે તે દુકાનદારને પૂરી પાડવામાં આવી છે. જેથી સીબીડીસી-(સેન્ટ્સ બેંક ડીઝીટલ કરન્સી) હેઠળ ઓનબોર્ડ કરવાના થાય છે.

### મેન્યુઅલ ટોકનથી શરૂ થયેલી આ વ્યવસ્થા આગામી દિવસોમાં થશે સંપૂર્ણ ડિજિટલ

# સયાજી હોસ્પિટલમાં લાંબી કતારોને કાયમી અલવિદા, OPD માં 'ટોકન સિસ્ટમ'નો આરંભ

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ ચોમાસાની ઋતુમાં વધતા રોગચાળાને ધ્યાનમાં રાખીને વડોદરાની સયાજી હોસ્પિટલ દ્વારા દર્દીઓ અને તેમના સ્વજનોના હિતમાં એક અત્યંત સરાહનીય અને પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. હોસ્પિટલના OPD વિભાગમાં લાંબા સમયથી પડતી મુશ્કેલીઓ અને ભીડને નિવારવા માટે તંત્ર દ્વારા 'ટોકન સિસ્ટમ'નો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે સરકારી હોસ્પિટલોમાં દર્દીઓનો ભારે ધસારો રહેતો હોય છે, જેના કારણે સવારના સમયથી જ દર્દીઓએ રજીસ્ટ્રેશન કરાવવા માટે કલાકો સુધી લાઈનમાં ઊભા રહેવું પડે છે. આ સમસ્યાના ઉકેલ માટે રાજ્ય સરકારના 'ક્રાઉડ મેનેજમેન્ટ' અભિયાન હેઠળ આ નવી વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે. આ સિસ્ટમનો



મુખ્ય ઉદ્દેશ્ય ભીડને નિયંત્રિત કરી દર્દીઓને યોગ્ય પ્રાધાન્ય આપવાનો છે. હાલના તબક્કે હોસ્પિટલ દ્વારા 'મેન્યુઅલ ટોકન સિસ્ટમ' શરૂ કરવામાં આવી છે. આ વ્યવસ્થાથી દર્દીઓએ લાઈનમાં ઊભા રહેવાને બદલે નિર્ધારિત વેટિંગ એરિયામાં શાંતિથી બેસી શકશે. જ્યારે તેમનો ટોકન નંબર આવશે, ત્યારે જ તેમને રજીસ્ટ્રેશન માટે બોલાવવામાં આવશે. આ પ્રક્રિયાથી દર્દીઓના સમયનો બચાવ થશે અને અંદર-અંદર થતા ઘર્ષણ કે ભીડને કારણે ફેલાતા ચેપના જોખમોને પણ ટાળી શકાશે. સયાજી હોસ્પિટલના વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, અત્યારે આ સિસ્ટમ પ્રાથમિક તબક્કે છે, પરંતુ ટૂંક સમયમાં તેને સંપૂર્ણપણે 'ડિજિટલ' બનાવવામાં આવશે. આ સાથે જ હોસ્પિટલની ફાર્મસી અને લેબોરેટરી સેમ્પલ કલેક્શન પ્રક્રિયાને પણ વિકેન્દ્રીકૃત કરવાની યોજના છે. જેથી હોસ્પિટલના કોઈ એક ચોક્કસ વિસ્તારમાં ભીડ એકત્રિત ન થાય અને દર્દીઓને ઝડપી સારવાર મળી રહે. હોસ્પિટલના તમામ હાઈ-ફૂટફોલ એરિયામાં બેઠક વ્યવસ્થામાં પણ વધારો કરવામાં આવશે, જેથી દર્દીઓ અને તેમના સગાંઓને વધુ સુવિધા મળે.

### વડોદરામાં ખાદ્ય સુરક્ષા માટે તંત્ર થયું આક્રમક

# ફૂડ સેમ્પલિંગની કામગીરીમાં હવે મોટો વધારો નોંધાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તા જાળવવા માટે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની અધ્યક્ષતામાં મળેલી આ ઉચ્ચસ્તરીય બેઠકમાં ફૂડ સેફ્ટી વિભાગના અધિકારીઓને કડક સૂચનાઓ આપવામાં આવી છે. આ બેઠક અંગે વધુ માહિતી આપતા કમિશનરએ જણાવ્યું હતું કે, શહેરના દરેક વિસ્તારમાં ખાદ્ય સામગ્રીની ગુણવત્તા ચકાસવા માટે હવે સેમ્પલિંગની કામગીરીમાં વેગ લાવવામાં આવશે.

અત્યાર સુધી પાલિકા દ્વારા દૈનિક ૮૦ થી ૯૦ સેમ્પલ લેવામાં આવતા હતા, જેની સંખ્યામાં હવે મોટો વધારો કરવામાં આવશે. દરેક ઝોનમાં ડેપ્યુટી હેલ્થ ઓફિસર દ્વારા દરરોજ કામગીરીનું રિવ્યુ કરવામાં આવશે.

ખાસ કરીને લારી-ગલ્લાથી માંડીને મોટી ખાદ્ય સંસ્થાઓ સુધી તમામ સ્થળોએ ફૂડ સેફ્ટીના નિયમોનું પાલન થાય છે કે નહીં તે તપાસવામાં આવશે. અધિકારીઓને લાયસન્સ ચેક કરવા, વપરાતા ખાદ્ય પદાર્થોની ગુણવત્તા તપાસવા અને કડક પગલાં લેવા માટે સૂચના આપવામાં આવી છે.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોને શુદ્ધ અને સુરક્ષિત ખોરાક મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે. વડોદરા મહાનગરપાલિકાનું ફૂડ સેફ્ટી વિભાગ હવે આ બાબતે વધુ ગંભીરતાથી કામગીરી કરશે અને આગામી દિવસોમાં વિવિધ સ્થળોએ સર્વેલન્સ સેમ્પલ અને લીગલ સેમ્પલ લેવાની પ્રક્રિયા વધુ સઘન બનાવવામાં આવશે.

### વડોદરામાં સફાઈના નામે પ્રદૂષણનો ફુવારો

# મનપાના મશીનો કચરો સાફ કરવા નીકળ્યા કે નગરજનોને ધૂળ ચટાડવા ?

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ શહેરને સ્વચ્છ અને સુંદર રાખવાના દાવા કરતી વડોદરા મહાનગરપાલિકાની પોલ હવે ખુલ્લી પડી ગઈ છે. મ્યુનિસિપલ તંત્ર દ્વારા લાખો રૂપિયાના ખર્ચે વસાવવામાં આવેલા મિકેનિકલ પાવર સ્વીપર અને જેસીબી સ્કીડ સ્ટીયર મશીનો રસ્તા સાફ કરવાના બદલે હવામાં પ્રદૂષણ ફેલાવી રહ્યા છે. દિવસના વ્યસ્ત સમયે ચાલતી આ કામગીરીને કારણે સમગ્ર માર્ગો પર ધૂળની ડમરીઓ ઉડે છે, જેનાથી નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. લાખો રૂપિયાના ખર્ચ છતાં મશીનો દ્વારા રસ્તા પર જાણે ધૂળ ઉડાડવાની હરીફાઈ ચાલતી હોય તેવા દ્રશ્યો સામે આવ્યા છે. રસ્તા પરની માટી અને કચરો એકઠો કરવાના બદલે આ મશીનો તેને હવામાં ફેલાવી રહ્યા છે, જેના કારણે આખો રસ્તો ધૂંધળો બની જાય છે અને વાહનચાલકો તેમજ રાહદારીઓએ મોં તથા નાક ઢાંકીને પસાર થવું પડે છે. ધૂળના આ ગોટેગોટા શ્વાસ અને અસ્થમાની બીમારી ધરાવતા લોકો માટે અત્યંત ઘાતક સાબિત થઈ રહ્યા છે. વ્યસ્ત રસ્તાઓ પર દિવસના સમયે આ મશીનો ચલાવવાની મંજૂરી આપનાર તંત્ર સામે સ્થાનિક રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નાગરિકો



સવાલ કરી રહ્યા છે કે શું મનપા માત્ર કાગળ પર સ્વચ્છતા અભિયાન ચલાવી રહી છે અને ધૂળ બેસાડવા માટે વોટર સ્પ્રિંકલરનો ઉપયોગ કેમ કરવામાં આવતો નથી ? સ્થાનિક રહેવાસીઓની ઉગ્ર માંગ છે કે મહાનગરપાલિકા આ ગંભીર બેદરકારી સામે ત્વરિત પગલાં ભરે અને આ પ્રકારની ધૂળ ઉડાડતી સફાઈ દિવસને બદલે રાત્રિના સમયે અથવા યોગ્ય વોટર-સ્પ્રે ટેકનોલોજી સાથે જ હાથ ધરે.

### GSFDCના ગૌરવવંતા ૫૦ વર્ષ

# વન વિકાસ નિગમના નિવૃત-કાર્યરત કર્મચારીઓને પ્રમાણપત્ર એનાયત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડ દ્વારા પોતાની સ્થાપનાના પચાસ વર્ષ થવાના સુવર્ણ જયંતી ઉજવણી કાર્યક્રમનું વિશેષ આયોજન બરોડા પ્રોડક્ટિવિટી કાઉન્સિલ, અલકાપુરી ખાતે GSFDCના મેનેજીંગ ડાયરેક્ટર ડૉ. એ.પી.સિંહના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન નિગમની છેલ્લા પાંચ દાયકાઓની વર્ષ ૧૯૭૬ થી ૨૦૨૬ સુધીની સુવર્ણ સફર, વન સંરક્ષણ, વનવાસીઓનો સર્વાંગી વિકાસ અને તેમની આજીવિકા માટે કરવામાં આવેલા ઉત્કૃષ્ટ કાર્યોની વિગતવાર જાણકારી આપવામા આવી હતી. કાર્યક્રમમાં ઉત્કૃષ્ટ કામગીરી કરેલા ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના નિવૃત અને કાર્યરત અધિકારી-કર્મચારીઓને મુખ્ય મહેમાનોના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરાયા હતા. સાથે સાથે ઉપસ્થિત વિવિધ અગ્રણીઓએ પોતાના વક્તવ્ય થકી વન વિભાગ અને નિગમની અથાક મહેનત, નિષ્ઠા અને કામગીરીને બિરદાવી હતી. કાર્યક્રમમાં મુખ્ય મહેમાન GSFDCના મેનેજીંગ ડાયરેક્ટર ડૉ.એ.પી.સિંહએ જણાવ્યું કે, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમની સ્થાપના ૨૦ ઓગસ્ટ ૧૯૭૬ના રોજ કરવામાં આવી હતી. આ નિગમનો મુખ્ય ઉદ્દેશ્ય વનવાસીઓ અને ગ્રામીણ વિસ્તારોના લોકોને રોજગારી પૂરી પાડવાનો તથા ગૌણ વન પેદાશો જેવી કે મહુડા, ટીમરુ અને ગુંદર એકઠા કરી, આદિવાસીઓનું શોષણ અટકાવી યોગ્ય માર્કેટિંગ કરવાનો હતો. તેમને વધુમાં ઉમેર્યું કે, હાલ નિગમ દર વર્ષે અંદાજે ૫૦ હજાર લોકોને રોજગારી અને ૨૫ લાખથી વધુ માનવદિનો ઉભા કરી રોજગાર સર્જન કરે છે.

## વડોદરાની વિવિધ શાળાઓમાં કારકિર્દી માર્ગદર્શન સત્રો યોજાશે

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 ચાર્ટર્ડ એકાઉન્ટન્સીને વિશ્વાસ પર આધારિત અને ઓછી ફીમાં ઉચ્ચ મહત્વ ધરાવતી કારકિર્દી ગણાવતા ICAIની WIRCની વડોદરા શાખા દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન સત્રોનું આયોજન કરવામાં આવ્યું છે. CAFY Season 5 અંતર્ગત 21 ઓગસ્ટ 2026ના રોજ શહેરની વિવિધ શાળાઓમાં આ સત્રો યોજાશે. ચાર્ટર્ડ એકાઉન્ટન્સી એ આઈસીએઆઈ દ્વારા સંચાલિત વ્યાવસાયિક લાયકાત છે. વિદ્યાર્થી ધોરણ 10 પછી ફાઉન્ડેશન માટે નોંધણી અને ધોરણ 12 પછી પરીક્ષા આપી શકે છે. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રેજ્યુએટ અને પોસ્ટ-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ ડાયરેક્ટ એન્ટ્રીથી ઈન્ટરમિડિયેટ સ્તરે જોડાઈ શકે છે. ઈન્સ્ટિટ્યૂ ઓફ ચાર્ટડ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાની 2026ની માર્ગદર્શિકા મુજબ તમામ સ્તરો અને સ્કિલ ટ્રેનિંગ સહિત કુલ અંદાજિત ફી 3.77 લાખ છે.

### દીકરીને સાસરીમાં પિયરિયાએ મોકલવાની ના પાડી

# અભયમની સમજાવટ બાદ બાળક સાથે પત્ની સાસરીમાં પરત ફરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 બાપોદ વિસ્તારમાં અંધશ્રદ્ધાના કારણે પરિણીતાનો સંસાર જાણે પિયરમાં જ અટકી ગયો હતો. માતા-પિતાએ દીકરીની સાસુ જાદુ-ટોણા કે મેલીવિદ્યા કરતી હોવાની વાત કરી તેને સાસરીમાં મોકલવાની ના પાડી હતી. પતિ ફોન કરે તો વાત કરવા દેતા ન હતા અને પતિ વીડિયો કોલ કરે ત્યારે સાત માસના બાળકને પણ બતાવતા ન હતા. આખરે પરિણીતાએ 181 અભયમની મદદ લેતા ટીમે કાઉન્સિલિંગ કરી પતિ-પત્નીનું મિલન કરાવ્યું હતું. મળતી માહિતી મુજબ, પરિણીતાના લગ્ન માતા-પિતાની મરજીથી થયા હતા. ડિલિવરી માટે તે શ્રીમંત પ્રસંગ બાદ પિયરમાં આવી હતી અને ત્યારથી આશરે દસ મહિનાથી પિયરમાં રહેતી હતી. આ દરમિયાન તેના માતા-પિતા તેને સાસરીમાં પરત મોકલવા તૈયાર ન હતા. બીજી તરફ પતિ તેને લેવા માટે પિયર આવ્યો હતો, પરંતુ પિયર પક્ષે તેને મોકલવાનો ઈનકાર કર્યો હતો. પીડિતાએ સાસરીમાં જવાની ઈચ્છા વ્યક્ત કરતાં માતા-પિતા તેને કહેતા કે તારી સાસુ જંતર-મંતર અને મેલીવિદ્યા કરે છે, તેથી તને સાસરીમાં મોકલવી નથી. એટલું જ નહીં, પતિ ફોન કરે ત્યારે પણ પીડિતાને વાત કરવા દેતા ન હતા. પતિ વીડિયો કોલ કરે ત્યારે સાત માસના બાળકને પણ પતિને બતાવતા ન હતા. પોતાના પતિ સાથે રહેવા અને બાળક સાથે સાસરીમાં પરત જવા ઈચ્છતી પીડિતાએ અંતે 181 અભયમની મદદ લીધી હતી. ટીમે સ્થળ પર પહોંચી પીડિતા તથા તેના પતિનું કાઉન્સિલિંગ કર્યું હતું. ત્યારબાદ પિયર પક્ષને પણ સમજાવવામાં આવ્યું કે અંધશ્રદ્ધાના કારણે દીકરીના લગ્નજીવનમાં અડચણ ઊભી કરવી યોગ્ય નથી. દીકરી પોતાના પતિ સાથે ખુશ હોય અને પોતાનું લગ્નજીવન આગળ વધારવા માંગતી હોય તો તેની ઈચ્છાનું સન્માન કરવું જોઈએ.

### કોંગ્રેસના ભાવિક અમીને અપશબ્દોની કોમેન્ટ કરતાં વિવાદ

# અનુસૂચિત જાતિ મોરચા અંગે વિવાદીત પોસ્ટ મુકતા ફરિયાદ

**પોસ્ટમાં ચૂંટણી,** ફંડ તથા ડિપોઝિટ અંગેના આક્ષેપો કરવામાં આવ્યા હતાં

**મહેશ સોલંકીની** ફરીયાદના આધારે પોલીસે ભાવિક અમીન વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ માંજલપુરના સામાજિક અને રાજકીય કાર્યકરે સોશિયલ મીડિયા પર પોતાને અનુસૂચિત જાતિના હોવાની જાણ હોવા છતાં ભાવિક અમીને અપમાનજનક તથા જાતિ વિષયક શબ્દોનો ઉપયોગ કર્યાનો આક્ષેપ સાથે કોંગ્રેસના અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખે ફરિયાદ નોંધાવી છે. માંજલપુર વિસ્તારમાં રહેતા મહેશ સોલંકી નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ કોંગ્રેસ પાર્ટીના કાર્યકર તેમજ વડોદરા શહેર અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ છે અને સોશિયલ મીડિયા પર સામાજિક તથા રાજકીય પ્રવૃત્તિઓ અંગે પોસ્ટ કરતા રહે છે. 16 ઓગસ્ટે ભાવિક અમીનના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી કોંગ્રેસ અને અનુસૂચિત જાતિ મોરચા અંગે પોસ્ટ મુકાતા સોલંકીએ કોમેન્ટ કરી હતી. આ બાદ ભાવિક અમીને કોમેન્ટમાં અપ શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ત્યારબાદ 17 ઓગસ્ટની રાત્રે મહેશ સોલંકીને મિત્ર વિનોદ શર્માએ ફોન કરી તેમના વિરુદ્ધ સોશિયલ મીડિયા પર પોસ્ટ મુકાઈ હોવાનું જણાવ્યું હતું. પોસ્ટમાં ચૂંટણી, ફંડ તથા ડિપોઝિટ અંગેના આક્ષેપો સાથે અપમાનજનક અને જાતિ સંબંધિત શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. મહેશ સોલંકીની ફરીયાદના આધારે ભાવિક અમીન વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## MSUના સોશિયલ વર્કના વિદ્યાર્થીઓએ સાંસદ કાર્યાલયની લીધી મુલાકાત

( પ્રતિનિધિ ) વડોદરા,તા.20 મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ સોશિયલ વર્કના વિદ્યાર્થીઓએ વડોદરા લોકસભા વિસ્તારના સાંસદ કાર્યાલયની ખાસ અભ્યાસ અર્થે મુલાકાત લીધી હતી. શાસન વ્યવસ્થા, જાહેર વહીવટ અને સમાજસેવા વચ્ચેના સમન્વયને સમજવાના હેતુથી આ મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ સાંસદ કાર્યાલયની રોજિંદી કામગીરીથી લઈને લોક પ્રશ્નોના નિરાકરણ સુધીની સમગ્ર પ્રક્રિયાનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું. સાંસદ કાર્યાલયના પદાધિકારીઓ અને સ્ટાફ દ્વારા કામગીરી કેવી રીતે વ્યવસ્થિત રીતે સંચાલિત થાય છે તેની વિદ્યાર્થીઓએ વિગતવાર માહિતી મેળવી હતી. વડોદરા શહેર અને જિલ્લામાંથી આવતા નાગરિકોની રજૂઆતો અને સમસ્યાઓને સિસ્ટમમાં કઈ રીતે નોંધવામાં આવે છે તે પણ સમજવામાં આવ્યું.

### SOCLEENના ૪૭મા સ્થાપના દિવસે વડોદરાની શાળામાં યોજાયો અનોખો પક્ષી વિજ્ઞાન કાર્યક્રમ

# ‘નો યોર બર્ડ્સ ઈન એન્ડ અરાઉન્ડ’ વડોદરા અંતર્ગત કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૦ પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે છેલ્લા ૪૭ વર્ષથી નિષ્ઠાપૂર્વક કાર્યરત પ્રતિષ્ઠિત સંસ્થા 'સોસાયટી ફોર ક્લીન એન્વાયરમેન્ટ' દ્વારા તાજેતરમાં પોતાના સ્થાપના દિવસ નિમિત્તે એક અત્યંત પ્રેરણાદાયી અને શૈક્ષણિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાની રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલ, સુભાનપુરા ખાતે 'નો યોર બર્ડ્સ ઈન એન્ડ અરાઉન્ડ વડોદરા' વિષય પર યોજાયેલ આ વાર્તાલાપનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં પર્યાવરણ અને પક્ષીઓ પ્રત્યે જાગૃતિ ફેલાવવાનો હતો. કાર્યક્રમમાં શાળાના ૨૩૦ થી વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. SOCLEEN યુથ વિંગના ચેરપર્સન ડૉ. સંગીતા પટેલે સંસ્થાની કામગીરી અને પર્યાવરણના મહત્વ વિશે માર્ગદર્શન




આપતા જણાવ્યું હતું કે, અમે પર્યાવરણ સુરક્ષાના સંદેશને યુવા પેઢી સુધી પહોંચાડવા માટે શાળાઓ સાથે સતત જોડાઈ રહ્યા છીએ. આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે બાયો-ડાયવર્સિટી એક્સપર્ટ અને પક્ષી નિરીક્ષક શ્રીમતી અવી સાબવાલા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને વડોદરાની આસપાસ જોવા મળતા વિવિધ સ્થાનિક અને સ્થળાંતરિત પક્ષીઓ જેવા કે ફ્લેમિંગો, કિંગફિશર, રુડી શેલ ડક, અને ગ્રીન બી-ઈટર વિશે રસપ્રદ માહિતી પૂરી પાડી હતી. વૃક્ષવાસી, જળચર, ભૂચરી અને આકાશી પક્ષીઓની લાક્ષણિકતાઓ સમજાવી હતી. કાર્યક્રમના અંતે યોજાયેલ પ્રશ્નોત્તરી સેશનમાં વિદ્યાર્થીઓએ પક્ષીઓના ખોરાક, વરસાદની આગાહી કરવામાં પક્ષીઓની ભૂમિકા અને પ્રકૃતિ સાથે કેવી રીતે પર્યાવરણલક્ષી બની શકાય તેવા ગહન પ્રશ્નો પૂછીને ઉત્સાહ દર્શાવ્યો હતો.આ કાર્યક્રમમાં SOCLEEN યુથ વિંગના સંયોજક અનીશ એ.જે. તથા અન્ય સભ્યો સંકેત શાહ અને અંજલિ મહિડા ઉપસ્થિત રહ્યા હતા.

## વારસિયાના બંધ મકાનમાં ૧.૭૮ લાખની ચોરી

વડોદરા : શહેરમાં બંધ મકાનોની રેકી કરી ચોરી કરતા તસ્કરોનો આતંક યથાવત્ જોવા મળી રહ્યો છે. વારસિયા વિસ્તારમાં પરિવારના સભ્યો મજૂરી, સારવાર અને કેટરિંગના કામે બહાર ગયા હોવાથી બંધ રહેલા મકાનને અજાણ્યા તસ્કરોએ નિશાન બનાવ્યું હતું. મુખ્ય દરવાજાનું તાળું તોડી ઘરમાં ઘૂસેલા તસ્કરો તિજોરી તોડી સોના-ચાંદીના દાગીના તથા રૂ.69 હજાર રોકડ સહિત રૂ.1.78 લાખની મત્તા ચોરી ફરાર થઈ ગયા હતા. પ્રાપ્ત વિગતો મુજબ, વારસિયા વિસ્તારમાં રહેતો પરિવાર મજૂરી કામ તથા અન્ય કામકાજ માટે સવારે ઘરેથી બહાર ગયો હતો. પરિવારના સભ્યોની ગેરહાજરીનો લાભ લઈ અજાણ્યા તસ્કરો બંધ મકાનમાં ઘૂસી ગયા હતા. તસ્કરોએ મુખ્ય દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યા બાદ તિજોરી રૂમમાં મુકાયેલી લોખંડની તિજોરીને પણ નિશાન બનાવી તેનું લોક તોડી નાખ્યું હતું. દરમિયાન પરિવારના સભ્યો કામ પૂર્ણ કરીને સવારે આશરે 11 વાગ્યાના અરસામાં ઘરે પરત ફર્યા હતા. ઘરે પહોંચતા જ મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું નજરે પડતાં તેમને શંકા ગઈ હતી. ઘરમાં પ્રવેશ્યા બાદ સામાન વેરવિખેર પડેલો જોવા મળ્યો હતો.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
પાણી અંગેની અગત્યની જાહેરાત
વડોદરા મહાનગર પાલિકા હસ્તકની લાલબાગ ટાંકી ખાતે તારીખ. ૨૪.૦૮.૨૦૨૬ ના રોજ સવારે ૯:૩૦ કલાકે ટાંકી ખાતે પ્રોજેક્ટ કામગીરી અંતર્ગત' નવીન HT પેનલ તેમજ ટ્રાન્સફોર્મર બેસાડવાની કામગીરી માટે ટાંકી ખાતે શટડાઉન લીધેલ હોવાથી સદર ટાંકી ખાતેથી તારીખ.૨૪.૦૮.૨૦૨૬ નાં રોજ સવારના ઝોનમાં સિંધવાઈમાતા, લાલબાગ કુભારવાડા, ડેરી મકરપુરા, દંતેશ્વર તેમજ સાંજના માંજલપુર, વિશ્વામિત્રી વિસ્તારમાં પાણી વિતરણ કરી શકાશે નહીં જેની શહેરના નાગરીકોને નોંધ લેવા તેમજ સહકાર આપવા વિનંતી છે.
પી.આર.ઓ નં:333 /૨૦૨૬-૨૭ કાર્યપાલક ઇજનેર (ઇલે/મીકે)